## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




ફેમીલી પ્લાનીંગનો મતલબ હવે સમજાયો... બન્ને છોકરા સાથે સેલ્ફી કેવી સરસ આવી... વધુ બાળકો હોત તો... આવી સારી સેલ્ફી ન આવત...

# ટ્રાવેલ્સની ઓફિસમાં ક્રિકેટ સટ્ટો રમાડતા બે ઝડપાયા

### હિસાબની ડાયરી સહિત ૩૨ હજારનો મુદ્દામાલ જપ્ત : એસઓજીની ટીમે રાંદેસણમાં ચાલતી ટ્રાવેલ્સ ઓફિસમાં દરોડો પાડી બે ને પકડ્યા : એક વોન્ટેડ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર નજીક રાંદેસણ ગામની સીમમાં આવેલા સુયાસ સ્ટેટસ બિલ્ડીંગમાં ચાલતી એક ટ્રાવેલ્સની ઓફિસમાં ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડવામાં આવી રહ્યો હોવાની બાતમી ગાંધીનગર એસઓજીની ટીમને મળતા ટીમે દરોડો પાડી આજે બે બુકીઓને પકડી પાડ્યા હતા. સટ્ટો રમાડવા વપરાયેલા મુદ્દામાલ જપ્ત કરી બે શખ્સોની ધરપકડ કરી લઈ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે. તો બીજી તરફ આ ગુનાના એક વોન્ટેડ આરોપીને પકડવા ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સૂચનાથી એસઓજી પી.આઈ. ડી.ડી. સોઢાએ તેમની ટીમને ક્રિકેટ મેચ પર ચાલતા સટ્ટા બેટીંગ પર વોચ રાખી રેઈડ કરવા સુચના આપી હતી. દરમ્યાન એસઓજીની ટીમને બાતમી મળી હતી કે



રાંદેસણ પાસે સીટી પલ્સ થીયેટરની પાછળ આવેલા સુયાસ સ્ટેટસમાં દુકાન નં. બી-૧ ખાતે ચાલતી કષ્ટભંજન ટ્રાવેલ્સની ઓફિસમાં સટ્ટો રમાડાઈ રહ્યો છે. તેને આધારે પીએસઆઈ ડી.ડી. પરમાર, એલ.એસ. ચૌધરી તથા ટીમે દરોડો પાડી કીંગ્સ ઈલેવન પંજાબ અને રાઈઝીંગ પુને સુપર ઝાયન્ટ ટીમો વચ્ચે ચાલતી ક્રિકેટ મેચ પર સટ્ટો રમાડતા બે શખ્સોને રંગેહાથ દબોચી લીધા હતા. પોર ગામના સુનિલ કરમચંદ તેજવાણી અને ઝુંડાલના નિખિલ ગણેશ પટેલ બંને શખ્સોની ધરપકડ કરી લઈ ઓફિસમાંથી ચાર મોબાઈલ, ટીવી, સેટઅપ બોક્ષ, લેપટોપ અને રોકડ રૂ. ૩૫૦૦ ઉપરાંત હિસાબની ડાયરી મળી રૂ. ૩૨,૧૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. આ બંને બુકીઓ ગાંધીનગરના કોઈ સંદિપ બચુઠાકોરને કટીંગ આપતા હોવાનું પુછપરછમાં ખુલતા આ વોન્ટેડ આરોપીને શોધવા તજવીજ શરૂ કરી છે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૦૫ પેકેટ ચોખાનું વિતરણ

ગાંધીનગર, તા.૧૪

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સુનોક તથા ખારી મુકામે કુલ ૮ ગામના ૧૦૫ લાભાર્થીઓને કીટ અપાઈ હતી સાથે સુનોક આંગણવાડીમાં બાળકોને



નાસ્તો તથા રમકડાં આપવામાં આવ્યા હતા.

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૩મેના શનિવારે કુલ ૮ ગામના ૧૦૫ લાભાર્થીઓને ૩ કિલો ચોખા, ટોનીક બોટલ, બિસ્કીટ, પેરાસીટામોલ આપી હતી. આ લાભાર્થીઓમાં ૫૫ સુનોક અને ૫૦ ખારી ગામના હતા સાથે સુનોક આંગણવાડીમાં બાળકોને નાસ્તો તથા રમકડાં આપવામાં આવ્યા હતા. આ કાર્યમાં જયેશ ખંભાતી, ચાવડાભાઈ, ગામેતી મિલેન્દભાઈ તથા કનુ ઠાકોર હાજર રહ્યા હતાં.




### નિયમિત નિમણુંક પત્રો એનાયત કરાયા

ગાંધીનગર જિલ્લામાં એચ.ટાટ પરીક્ષા પાસ કરી આચાર્ય તરીકે પસંદગી પામેલ આચાર્યોના પ્રોબેશન પિરિયડ પૂર્ણ થતાં જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા ૨૧૧ને નિયમિત નિમણુંકના હુકમો તાજેતરમાં એનાયત કરવામાં આવ્યા છે. જેમાં કલોલ તાલુકાના ૪૫, દહેગામના ૪૩, માણસાના૩૩ અને ગાંધીનગરના ૮૫ આચાર્યોનો સમાવેશ થાય છે.



ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલની ગ્રામ પંચાયત ખાતે આજે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રક્તદાન શિબિરમાં ગામના સરપંચ નગીનભાઈ વાડીયાએ પણ રક્તદાન કર્યુ હતુ. સ્વૈચ્છિક રક્તદાન શિબિરમાં વાવોલના યુવાવર્ગે ઉત્સાહ દાખવ્યો હતો. શિબિરના આયોજન માટે ગામના સરપંચ ઉપરાંત ઉપસરપંચ સહિત અગ્રણીઓનો સહકાર પ્રાપ્ત થયો હતો.

# સોલા ભાગવત પાસે કાર લૂંટનો ભેદ હજુ વણઉકલ્યો

અમદાવાદ, તા.૧૪

સોલા ભાગવત પાસે ગઈકાલે જાહેરમાં રાજકોટના યુવકને ઢોર માર મારી રિવોલ્વરની અણીએ લૂંટ ચલાવવાના પ્રકરણમાં હજુ કોઈ ભેદ ઉકેલાયો નથી કે, પોલીસને કોઈ ચોક્કસ માહિતી મળી નથી. કારણ કે,સોલા પોલીસે કેટલાક મુદ્દે પરત્વે ફરિયાદી યુવક પાસેથી વિગતો માંગી તેને બોલાવ્યો હતો પરંતુ યુવક પોલીસ સમક્ષ હાજર જ નહી થતાં પોલીસે ફરિયાદીની ભૂમિકાને લઈને પણ તપાસનો દોર આગળ ધપાવ્યો છે. બીજીબાજુ, પોલીસે કાર લૂંટીને નાસી ગયેલા આરોપી શખ્સોને પકડવાના ચક્રો પણ ગતિમાન કર્યા છે. રાજકોટમાં શોભેશ્વર રોડ પર ભુવનેશ્વરી પાર્ક ખાતે રહેતા અને રેમ્બો પેકેજીંગમાં નોકરી કરતાં પ્રફુલ ધનજીભાઈ વાઘેલા ગઈકાલે રાત્રે રાજકોટથી સ્વિફ્ટ ડિઝાયર કાર લઈને અમદાવાદ આવ્યા હતા. અડાલજ ખાતે પોતાના એક મિત્રને મળી બપોરે સોલા ભાગવત વિદ્યાપીઠ મંદિરે જતાં હતા ત્યારે કારમાં આવેલા બે અજાણ્યા શખ્સોએ ઓવરટેક કરી પ્રફુલ વાઘેલાની કારને આંતરી અટકાવી અને ચાણક્યપુરીનું સરનામુ પૂછવાનું નાટક કર્યુહતું. પ્રફુલભાઈ કંઈ સમજે તે પહેલાં બંને યુવકોએ તેમને કારમાંથી બહાર ખેંચી જાહેરમાં લાકડીથી ઢોર માર માર્યો હતો અને રિવોલ્વર બતાવી કારની લૂંટ ચલાવી નાસી છૂટયા હતા. સોલા પોલીસે લૂંટના ગુના સંદર્ભેસીસીટીવી ફુટેજના આધારે આગળની તપાસ હાથ ધરી છે અને લૂંટ ચલાવનાર બંને શખ્સોની શોધખોળ આદરી છે. જો કે, પોલીસે આજે ફરિયાદીને કેટલીક બાબતોને લઈ માહિતી સાથે બોલાવ્યો હતો પરંતુ ફરિયાદી આવ્યો જ ન હતો.

# સનદી અધિકારીઓની વધુ બદલીઓની શક્યતા

ગાંધીનગર, તા.૧૪

રાજય સરકારે કેટલાક સનદી અધિકારીઓની બદલીના હુકમો કર્યા બાદ હજુ વધુ કેટલાક સનદી અધિકારીઓની બદલીના હુકમોનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે. અને આગામી ટૂંક સમયમાં વધુ એકવાર બદલીનો દોર હાથ ધરવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટી વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં રાજય સરકારે ૨૮ જેટલા જિલ્લા કલેકટર ડીડીઓ સંવર્ગના અધિકારીઓની બદલીના હુકમો કર્યા હતા.

આ બદલીઓ બાદ કેટલાક અધિકારીની બદલીના હુકમોને પાછા મોડીફાઈ કરીને ગઈ કાલે ૧૧ સનદી અધિકારીઓની બદલીના હુકમો કર્યા તે પૈકી બે થી ત્રણ અધિકારીઓની અગાઉ જે જગ્યાએ બદલી કરાયેલ ત્યાંથી ફરી બદલી કરીને નવી જગ્યાએ નિમણુંકો આપવામાં આવી છે. બે થી ત્રણ અધિકારીઓની ફરી બદલી કરતા કેટલીક જગ્યાઓ ખાલી પડવા પામી છે. આ ઉપરાંત કેટલાક જિલ્લા કલેકટરને એક જ સ્થળે ત્રણ વર્ષ કરતા વધુ સમય થઈ ગયો હોઈ રાજય સરકારે આ ખાલી જગ્યાઓ ભરવા માટે બદલીની પ્રક્રિયા વધુ એક વખત હાથ ધરી છે. અને આગામી એકાદ સપ્તાહમાં ફરી ૨૦ જેટલા સનદી અધિકારીઓની બદલીનો એક ઘાણ કાઢવા માટેનો તખ્તો ગોઠવાઈ રહ્યો હોવાનું સચિવાલયમાં ચર્ચાઈ રહ્યું છે.



### 'મધર્સ ડે'ની નગરસેવકે કરી અનોખી ઉજવણી

ગાંધીનગરના અનેક પરિવારોમાં 'મધર્સ ડે'ની વિવિધ પ્રકારે ઉજવણી કરાતી જોવા મળી હતી. આ ઉપરાંત કેટલીક સંસ્થાઓ દ્વારા પણ આ દિવસે નાના-મોટા કાયક્રમ યોજવામાં આવ્યાં હતા. સોશ્યલ મિડિયા પર મધર્સ ડે ને લગતા સંદેશાઓની ભરમાર લાગી હતી પરંતુ આ બધામાં શહેરના ઝુંપડપટ્ટી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારો માટે નગરસેવક નાઝાભાઈ ધાંધર ખુશીનું સ્મિત બન્યા હતા. નાઝાભાઈ ધાંધરે મધર્સ ડે નિમિત્તે પોતાની રીતે અનોખી ઉજવણી કરતા શહેરના સેક્ટર-૧૨, ૧૩, ૨૪ અને ૧૧ સેક્ટરની ઝુંપડપટ્ટીમાં વસતા શ્રમજીવી અને જરૂરિયાતમંદ વર્ગના બાળકોને ફૂડપેક્ટ્સ વહેંચ્યા હતા. ભરબપોરના ધોમધખતા તડકામાં પણ તેમણે દરેક ઝુંપડપટ્ટીમાં ફરીને ફૂડ પેકેટ્સ વહેંચી આ પરિવારના બાળકોના ચહેરા પર સ્મિત રેલાવી મધર્સ ડે ની ઉજવણી કરી અનોખુ પ્રેરણાત્મક ઉદાહરણ પુરૂ પાડ્યું હતું.

# યહી હૈ પોલિટીક્સ : રાજકારણ કદી ઘરડું થતું નથી અને કોઈ નેતા કદી રિટાયર્ડ થતો નથી

ભાજપમાં નવું લોહી આવ્યું છે અને જૂનું લોહી કોર્નર કરીને બેઠું છે. ૨૦૧૭માં એવા લોહી માટે ફરી આશા જાગી છે. પાર્ટીમાં જેઓ ફેકાઈ ગયેલા છે તેમને અમિત શાહ ફરીથી ટીકીટ આપે છે કે કેમ તે મોટો પ્રશ્ન છે. આ ચહેરાઓ કે જેઓ લાઈમ લાઈટમાં નથી. મોટા ચહેરાઓ જોઈએ તો જયનારાયણ વ્યાસ, જસુબેન કોરાટ, ભરત બારોટ, બિમલ શાહ, ગોરધન ઝડફિયા, કૌશિક પટેલ, આઈ.કે. જાડેજા, સૌરભ પટેલ, જયસિંહ ચૌહાણ, મહેન્દ્ર ત્રિવેદી અને વલ્લભ કથિરીયા. આ તમામ કેબિનેટમાં રહી ચૂકેલા ચહેરા છે. ૨૦૧૭માં જો ભાજપની સરકાર બનાવવી હોય તો નવી યંગ ટીમની સાથે સાથે કેટલાક સિનિયર સાથીદારોની પણ પાર્ટીને જરૂર પડવાની છે તેથી પાર્ટી સૂત્રોના મતે આ ચહેરાઓને ૨૦૧૭માં વિધાનસભાની ચૂંટણી માટેની ટીકીટ મળે તેવી પ્રબળ શક્યતા જોવામાં આવી રહી છે. સાચુ જ કહ્યું છે કે- રાજકારણ કદી ઘરડું થતું નથી અને નેતા કદી રિટાયર્ડ થતો નથી.

**ભારતમાં અને રાજ્યોમાં કોંગ્રેસે વર્ષો સુધી સત્તા ભોગવી પણ રાજ કરી શકી નહીં**

**● તમામ સમાજની બિઝનેસ સમિટ થવી જોઈએ...**

ગુજરાત વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ પછી હવે પાટીદારોએ તેમની બિઝનેસ સમિટનું આયોજન કર્યું છે ત્યારે વિવિધ સમાજના આગેવાનોએ આગળ આવીને તેમના સમાજ માટેની બિઝનેસ સમિટનું પ્લાનિંગ કરવું જોઈએ. પાટીદારોની બિઝનેસ સમિટ જાન્યુઆરી ૨૦૧૭માં મહાત્મા મંદિરમાં યોજવામાં આવી રહી છે. આ સમિટ લવજી બાદશાહે કર્યું છે. આવી સમિટ જૈન અને બ્રાહ્મણ સમાજમાં પણ કરવી જોઈએ, કેમ કે વિશ્વના દેશોમાં જેમ પાટીદારો પથરાયેલા છે તેમ જૈન અને બ્રાહ્મણ પણ ફેલાયેલા છે. આ સમાજ ઉપરાંત એસસી, એસટી, ઓબીસી, ક્ષત્રિય સમાજના આગેવાનો છે કે જેઓ વિશ્વના કોઈને કોઈ ખૂણે બિઝનેસ કરે છે. આમ કરવાથી વિવિધ સમાજના ઉદ્યોગકારો ભેગા થશે અને એક બીજાનો પરિચય કેળવાશે. પાટીદાર સમાજનો સમૂહ લગ્નોત્સવ પછી આ એક વધુ અનુકરણીય પ્રયાસ છે.

**● ફિલ્મ તો ઠીક-આ રહ્યાં ભાજપના બાહુબલી...**

બાહુબલી-૨ ધૂમ મચાવે છે. આ ફિલ્મએ જેટલી કમાણી કરી છે તેટલી કોઈ ફિલ્મએ કરી નથી. બાહુબલી-૧ આવ્યું હતુ ત્યારે પણ તે ફિલ્મ સક્સેસ થયું હતું. આ સફળતાથી પ્રેરાઈને બીજો ભાગ બનાવવામાં આવ્યો છે અને ત્યારપછી ત્રીજો ભાગ બનશે. ભારતના રાજકારણમાં પણ બાહુબલી છે. પહેલાં એવું કહેવાતું હતુ કે બાહુબલી ઉત્તરપ્રદેશમાં જ જન્મે છે પરંતુ હવે તેવું નથી. ગુજરાતમાં પણ જન્મે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ એ ગુજરાતમાંથી દિલ્હી ગયેલા બાહુબલી છે. શક્તિશાળી રાષ્ટ્રીય નેતા તરીકે તેઓ ઉભરી આવ્યા છે. તેમના માટે એવું કહી શકાય છે કે '...જો બોલતે હૈ, વો કરતે હૈ...' નરેન્દ્ર મોદી પાસે આ બાહુબલી છે, જે પહેલાં અટલ બિહારી વાજપેયી પાસે પ્રમોદ મહાજન નામના બાહુબલી હતા. જો કે કોંગ્રેસમાં શંકરસિંહ વાઘેલાને પણ બાહુબલી જ કહી શકાય છે, કેમ કે તેમણે ૧૯૯૫માં સરકાર તોડી ૧૯૯૭માં કોઈનું સીએમ પદ છીનવી લીધું હતું. ગોત્ર તો ભાજપનું જ છે.

**● સરકારી ઓફિસોને જેલ જેવી નહીં બનાવો...**

સચિવાલય અને મંત્રીમંડળના નિવાસસ્થાનમાં મુલાકાતીઓને સરળતાથી પ્રવેશ મળે તેની વ્યવસ્થા કરવી જોઈએ, કેમ કે સરકાર હંમેશા જનતાની હોય છે. સલામતીની આડમાં આ પબ્લિક પ્લેસને જેલ બનાવી દેવા એ શોભાસ્પદ નથી. આતંકવાદીઓનો ડર હોય તો ચેકિંગ કરીને પણ પ્રત્યેક મુલાકાતીને સરળતાથી પ્રવેશ તો મળવો જ જોઈએ. -માનિતાને પ્રવેશ અને અણમાનિતાને મુલાકાતનો ટાઈમ નહીં- એવી નિતી આપણા શાસકોએ ભૂલવી પડશે. ભૂતકાળમાં ડોકીયું કરો તો ખબર પડશે કે ક્યા ચીફ મિનિસ્ટરના સમયમાં કેટલું રિલેક્સેશન હતું. સામાન્ય જનતા કોઈને પણ સરળતાથી મળી શકતી હતી. માધવસિંહ સોલંકી સીએમ હાઉસની વિશાળ લોનમાં લોકદરબાર ભરતા હતા. કેશુભાઈ પટેલ પણ ઓફિસ અને બંગલે મળતા હતા. જો કે વિજય રૂપાણી પ્રત્યેક વ્યક્તિને સરળતાથી મળે છે પરંતુ તેમની કેબિનેટના કેટલાક ઘમંડી સભ્યોએ તેમની ઓફિસને જેલ બનાવી દીધી છે. માનિતા સિવાય કોઈ વ્યક્તિ પ્રવેશ કરી શકતો નથી, આ ને રોંગ પ્રેક્ટિસ કહેવાય...




**● ૨૦૦૦ની નોટનો ક્યારેય સંગ્રહ નહીં કરો....**

હવે તમે ચલણી નોટો જમા કરી રાખી કે તેનો સંગ્રહ કર્યો તો તમારૂં આવી બન્યું છે, કારણ કે સરકાર ચલણી નોટોનો સતત રિવ્યુ કરી રહી છે. ભાજપના જ કેટલાક નેતાઓએ એવો નિર્દેશ આપેલો છે કે સરકાર ગમે ત્યારે ૨૦૦૦ની નવી નોટ બંધ કરી દેશે. ૫૦૦ અને ૧૦૦૦ની નોટો ગયા નવેમ્બરમાં બંધ થયા પછી આજેપણ તે બજારમાં દેખા દેતી હોય છે પરંતુ હવે તે રદ્દી કાગળથી વિશેષ કંઈ નથી. સરકાર ૧૦૦ની નોટ પણ બદલી રહી છે તેથી આ નોટનો સંગ્રહ કરવો પણ ઉચિત નથી. નવી ૫૦૦ની નોટ હજી થોડો સમય ચાલશે પરંતુ સરકારને એમ લાગશે કે આ નોટથી બ્લેકમની ભેગા થાય છે ત્યારે તે બંધ કરવામાં પળવારનો ય વિલંબ નહીં કરે. આપણું ચલણ હવે આપણું રહ્યું નથી, તે માત્ર સરકારનું થઈ ગયું છે.

**બેન્કોનો સ્વભાવ બદલાયો છે, તમારા રૂપિયા અને તમારે જ ભીખ માગવી પડે છે**

**● બેન્કોનો ગ્રાહકો પ્રત્યેનો સ્વભાવ બદલાયો છે...**

નોટબંધીની એક નહીં અનેક સાઈડ ઈફેક્ટ્સ છે. તમે જ્યારે બેન્કમાં રૂપિયા ઉપાડવા કે જમા કરાવવા જાવ છો ત્યારે તમને એવી અનુભૂતિ થાય છે કે આપણે બેન્ક પાસે ઉધાર માગીએ છીએ. આપણા જ રૂપિયા ઉપાડવામાં આપણને જ અનેક યાતના ભોગવવી પડે છે. એટીએમથી ઉપાડો તો ટ્રાન્ઝેક્શન ચાર્જ લાગે, ચેકથી ઉપાડો તો પણ મર્યાદા નાંખી દેવામાં આવી છે. સરકાર જેમ માલેતુજારોની બની છે તેમ બેન્કો પણ હવે માલેતુજારોની બનતી જાય છે. નોટબંધી બાદ જૂની નોટના બદલામાં નવી નોટો બેન્કના ઓફિસરો એવા લોકોને જાતે ઘરે જઈને રૂપિયા બદલી આવ્યા છે. કોમન મેનની સ્થિતિ બહુ કફોડી છે. પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા ગયેલા અરજદારને જેવો અનુભવ થાય છે તેવો અનુભવ હવે બેન્કમાં ટ્રાન્ઝેક્શન કરાવવા જતાં થાય છે.

**● વર્ષાન્તે વધુ ત્રણ સિનિયર IAS નિવૃત્ત થશે...**

ગુજરાત કેડરના સિનિયર કહી શકાય તેવા ત્રણ આઈએએસ ઓફિસરો વય નિવૃત્ત થઈ રહ્યાં છે. આ ઓફસરોમાં પાવર સેક્રેટરી પી.કે.પુજારી જૂનમાં, કોર્પોરેટ અફેર્સ સેક્રેટરી તપન રે સપ્ટેમ્બરમાં અને વોટર રિસોર્સિંગ સેક્રેટરી અમરજીત સિંઘ નવેમ્બરમાં નિવૃત્ત થાય છે. આ ત્રણેય અધિકારીઓનું પોસ્ટીંગ હાલ નવી દિલ્હીમાં છે. દિલ્હીમાં ફરજ બજાવતા રેવન્યુ સેક્રેટરી હસમુખ અઢિયા નવેમ્બર ૨૦૧૮માં અને કોમર્સ સેક્રેટરી રિટા તેવટીયા જુલાઈ ૨૦૧૮માં વય નિવૃત્ત થઈ રહ્યાં છે. ગુજરાતના ચીફ સેક્રેટરી કોણ થશે તે પ્રશ્ન અત્યારે અસ્થાને છે કારણ કે હાલના ચીફ સેક્રેટરી ડો. જગદીપ નારાયણ સિંઘનો ટેન્યોર લાંબો છે. તેઓ મે ૨૦૧૯માં વય નિવૃત્ત થાય છે. આ સાથે ગુજરાતની પ્રથમ હરોળની કેડર સરકારમાં સત્તાવાર ફરજમુક્ત થઈ રહી છે. છેલ્લા ૭ વર્ષમાં ૫૦ આઈએએસ ઓફિસરો વય નિવૃત્ત થઈ ચૂક્યાં છે.

**● સત્તાનો મહાવરો છતાં કોંગ્રેસ અભણ રહી...**

વર્ષો સુધી સત્તામાં રહ્યાં છતાં કોંગ્રેસને એ ખબર ન પડી કે સરકારી સાધનો અને સંસ્થાઓનો આટલો બધો પાવરફુલ ઉપયોગ થતો હોય છે. આજે સૌથી વધુ જો ચર્ચામાં હોય તો તે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ઈન્કમટેક્સ, સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન જેવી સંસ્થાઓ છે. વિરોધીઓને સાફ કરવામાં વપરાતી આ સત્તાનો ઉપયોગ ભાજપ હરપળે કરી રહ્યું છે. જે વિપક્ષ મજબૂત હોય તેને કોઈને કોઈ કાંડમાં સપડાવી દેવાનું કોઈ ભાજપના નેતાઓ પાસે શિખે... કોંગ્રેસના શાસનમાં ઉપયોગ થતો ન હતો તેવું નથી પરંતુ તે મર્યાદિત હતો. ઘણાં નેતાઓને કાયદાનું ભાન ન હતું. આજે કાયદો આગળ કરીને ભલભલા ચમરબંધીને પણ મહાત કરી શકવાની શક્તિ ભાજપે કેળવી લીધી છે. ભૂતકાળમાં કોઈ નેતાએ ભૂલ કરી હોય તો તે ભૂલને આજે ઓપન કરવામાં આવે છે અને આ સંસ્થાઓને પાછળ દોડાવવામાં આવે છે. છેલ્લા પાંચ વર્ષમાં કોંગ્રેસે જે કામો કર્યા તે અધુરાં જ કર્યા છે તેથી તેનું પરિણામ આપણી સામે છે, કોંગ્રેસ જઈ રહી છે...

**સરકારી ચેમ્બરને તમે જેલ બનાવશો તો જનતા તમને તમારા ઘરમાં પુરી દેશે**

**● સોશ્યલ મિડીયાનો સહારો કેમ લેવો પડ્યો...**

આપણાં રાજકીય નેતાઓને સોશ્યલ મિડીયાનો સહારો કેમ લેવો પડ્યો છે તેનું સીધું ગણિત એવું છે કે નેતાઓને પબ્લિક સાથે સતત ટચમાં રહેવું પડતું હોય છે. જાહેર સભામાં હવે લોકો સ્વેચ્છાએ ભેગા થતા નથી તેથી સોશ્યલ માધ્યમથી આ નેતાઓ લોકો સાથે ટચમાં રહેતા હોય છે પરંતુ તે નેતાઓ ભૂલે છે કે પબ્લિકના પૂછેલા પ્રશ્નોનો જાતે જવાબ નહીં આપો ત્યાં સુધી સોશ્યલ મિડીયા પણ તેમના માટે બુઠ્ઠી તલવાર છે. આજે તો સોશ્યલ મિડીયાનું સંચાલન કરનારી આઈટી ટીમોને ગોઠવી દેવામાં આવી છે પરંતુ જે તે નેતા જાતે તેનું મોનિટરીંગ કરતા નથી. ઈન્દિરા ગાંધી અને અટલ બિહારી વાજપેયીની જાહેર સભાઓ ચિક્કાર જતી હતી. લોકો સ્વયંભૂ સભાઓમાં ઉમટી પડતા હતા. આજે એવું નથી. લોકોને ભેગા કરવા તેમને લાલચ આપવી પડે છે. વાહનો મોકલવા પડે છે. ભોજન આપવું પડે છે. ધમકી આપવી પડે છે. જમાનો બદલાઈ ગયો છે ભાઈ !! લોકો પાસે સમય નથી.

**● પહેલાં જ્યુબિલી, હવે કરોડની ક્લબ થઇ...**

ફિલ્મોના પાસા પણ પલટાઈ ગયાં છે. પહેલાં ફિલ્મો સિલ્વર જે ગોલ્ડન જ્યુબિલી મનાવતી હતી અને હવે કરોડની ક્લબમાં આળોટે છે. શોલે ફિલ્મ એ ડાયમન્ડ જ્યુબિલી મનાવી હતી. ફિલ્મસ્ટાર રાજેન્દ્ર કુમારને જ્યુબિલી સ્ટાર કહેવાતા હતા. આજે ક્લબ સ્ટાર કહેવાય છે. બાહુબલી-૨ એ બધાં વિક્રમ તોડ્યાં છે. ભલે ફિલ્મ માત્ર ત્રણ સપ્તાહ સુધી ચાલે પણ કરોડો રૂપિયા ભેગા કરી લેતી હોય છે. આ ફિલ્મની સિલ્વર જ્યુબિલી થઈ એવું જાણતાં તેનો ઉત્સવ મનાવાતો હતો. આજે ૨૦૦ કરોડની ક્લબમાં સામેલ થાય તો પાર્ટી મનાવવામાં આવે છે. ફિલ્મી જમાનો ખરેખર બદલાઈ ચૂક્યો છે. ૨૫ સપ્તાહ, ૫૦ સપ્તાહ, ૭૫ સપ્તાહ કે ૧૦૦ સપ્તાહ સુધી કોઈ ફિલ્મ ચાલતી નથી પણ ફિલ્મએ ૧૦૦ કરોડનો વકરો કર્યો. ૨૦૦ કરોડનો વકરો કર્યો. ૫૦૦ કરોડ રિકવર કર્યા એવું કહેવાય છે. આપણાં સ્ટાર પણ મોંઘા થઈ ગયા છે. ફિલ્મો ઉપરાંત પ્રોડક્ટ્સનું પ્રમોશન કરી કમાણી કરતા થયા છે.